મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૧૬.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૪૬ ટકા

ગાંધીનગર તાપમાન

# રવિવારી બજારોમાં દિવાળીની ખરીદીની જમાવટ

## શહેરના બજારોમાં દિવાળી પહેલાના છેલ્લા રવિવારે દિવાળી દેખાઈ : કર્મચારી વર્ગ રવિવારે સવારથી જ ખરીદી માટે વ્યસ્ત : પાર્કીંગમાં વાહનોની ભીડ જામી





ગાંધીનગર, તા.૧૬

દિવાળીનો તહેવાર નજીક છે ત્યારે તહેવાર શરૂ થયા પહેલાના છેલ્લા રવિવારે ગાંધીનગરવાસીઓ બજારમાં ખરીદી માટે ઉમટ્યા હતા. મોડી રાત સુધી ખરીદી કરતાં શહેરીજનો જોવા મળ્યા હતા. સેકટર-૨૧ના માર્કેટમાં, સે-૧૬માં મોલમાં, સેકટર-૨૮ ડી-માર્ટમાં, સેકટર-૭ શોપીંગમાં, કુડાસણ તથા સરગાસણમાં ખરીદીનો માહોલ જામ્યો હતો. શહેરમાં રવિવારની રજા નિમિત્તે ખાણીપીણી બજારોમાં પણ ભીડ જોવા મળી હતી તથા શહેરમાં રાતના દસ વાગ્યા સુધી ટ્રાફિક જોવા મળ્યો હતો.

દિવાળી એક એવો તહેવાર છે કે મધ્યમ વર્ગના માણસથી લઈ તમામ નાગરિકો આ તહેવારની ઉજવણી કરતાં હોય છે. ત્યારે વાત હોય દિવાળી જેવા પર્વની તો ખરીદી વગર તો કયાંથી તહેવારની ઉજવણી થાય. ત્યારે દિવાળીનાં તહેવાર પહેલાનો આખરી રવિવારે બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી અને નાગરિકો પણ મન મુકીને ખરીદી કરી રહયા હતા. ગાંધીનગરમાં વર્ષોથી સેકટર-૨૧નું માર્કેટ નાની-મોટી ચીજવસ્તુઓની ખરીદી માટે વખણાતું હતું જેમાં દર તહેવારે ગ્રાહકોની ભીડ જોવા મળતી. હાલમાં શહેરમાં ઠેકઠેકાણે દુકાનો અને મોલ બની જવા પામ્યા હોવાથી મોલમાં ભારે ભીડ જોવા મળે છે. તેમાં પણ તહેવાર નિમિત્તે આકર્ષક ઓફરો હોવાના કારણે ગ્રાહકો પણ મોલમાં ખરીદી કરવા માટે આકર્ષાતા જોવા મળી રહયા છે. બાય વન ગેટ વન ફ્રી.. ની ધમાકેદાર ઓફરો ચાલી રહી છે તેથી રવિવારે મોલમાં ગ્રાહકોનો ધસારો જોવા મળ્યો હતો. આ સાથે જ સેકટર-૨૧માં પાર્કીંગમાં પણ વાહનોની ભીડ રહી હતી. બજારમાં સ્થાનિક દુકાનોમાં દિવાળીની ખરીદીનો માહોલ વર્તાઈ રહયો છે તેથી વેપારી વર્ગ આનંદમાં છે. શહેરના ફુટપાથ ઉપર પણ ફેરીયાઓએ જમાવટ કરી મુકી છે. દિવાળીની ચીજવસ્તુઓનું વેચાણ ફુટપાથ ઉપર બેસતા વેપારીઓ પુરજોશે કરી રહયા છે જેમાં સ્થાનિક વેપારીને કેટલાક અંશે નુકશાન થઈ રહયું છે. દિવાળી પર્વોના કારણે શહેરના બજારોમાં ગ્રાહકોની ભીડ જોઈને વેપારીઓમાં રાહતની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે. જેમજેમ દિવાળીના પર્વો નજીક આવી રહયા છે તેમ તેમ ગાંધીનગરમાં ખરીદીનો માહોલ જામી રહયો છે. તેમાંય રવિવાર હોવાથી નોકરિયાત વર્ગ સવારથી રાત સુધી ખરીદીમાં વ્યસ્ત બન્યા હતા.

# જ્યોતિ મહિલા મંડળ દ્વારા આયોજિત બેઠા ગરબા સ્પર્ધામાં ૧૦૦૦થી વધુ બહેનોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૬

જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર તેમજ વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નગરની બહેનો માટે બેઠા ગરબા સ્પર્ધા, ગરબા શણગાર સ્પર્ધા, દાંડિયા શણગાર સ્પર્ધા તેમજ શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નગરની ૧૦૦૦ થી વધુ બહેનોએ ભાગ લઈ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડો.ચેતના અરુણ બુચ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. બેઠા ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે ફોરમ ગ્રુપ બીજા ક્રમે સંસ્કૃતિ ગૃપ અને ત્રીજા ક્રમે શ્રીધર ગ્રુપ વિજેતા રહ્યા હતા. આ સાથે જ ગરબા શણગાર સ્પર્ધામાં મંજુલાબેન ભલગામી પ્રથમ વિજેતા રહ્યા હતા. તેમજ દાંડિયા શણગાર સ્પર્ધામાં નર્મદાબેન પટેલ અને મીનાક્ષીબેન પારેખ વિજેતા રહ્યા હતા. ઈનામ વિતરણ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે




નિવૃત્ત સનદી અધિકારી મીનાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો મહિલાઓમાં પડેલી આંતરિક શક્તિને બહાર લાવી અને ઉજાગર કરે છે. મહિલા મંડળની પ્રવૃત્તિઓ અને તેમણે ખૂબ બિરદાવી હતી. અતિથિ વિશેષ તરીકે અરવિંદ કેન્દ્રના સંચાલક ડોક્ટર તન્ના ખાસ ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમના નિર્ણાયક તરીકે આરતીબેન ભટ્ટ, ડો. લીના સ્વાદીયા, મમતા પાઠક અને આનંદી ઓઝાએ અમૂલ્ય સેવાઓ આપી હતી. વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. પ્રવીણ ઓઝા અને મીનળબેન ઓઝા દ્વારા કાર્યક્રમને ખુબ સારો સહયોગ મળ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉપપ્રમુખ નીરૂબેન નાયક, મીનાબેન શાહ, કોકીલાબેન નાયક, જ્યોતિબેન ઠક્કર વગેરેએ ખૂબ મહેનત ભારે જેમ ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. વંદના મેવાડા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં આભાર વિધિ સંસ્થાના સેક્રેટરી હર્ષાબા ધાધલે કરી હતી. ઉપસ્થિત સૌ બહેનોને આગામી દિવાળી પર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ સંસ્થાના પ્રમુખ ડો. ચેતના અરુણ બુચ દ્વારા પાઠવવામાં આવી હતી



શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ નરેશ દવે, મહામંત્રી મુકેશ શુક્લ અને ખજાનચી નરેન્દ્ર વ્યાસે આજે પંચદેવ મંદિર ખાતે યોજાયેલ અતિ રૂદ્ર યજ્ઞના આયોજક શ્રી રૂદ્રીમંડળના પ્રમુખ રવીન્દ્રભાઈ, મંત્રી શર્માજી અને કાનજીભાઈ ભોગાયતાનું આ ભવ્ય આયોજન માટે સન્માન કરેલ અને યજ્ઞનો લાભ લીધેલ હતો. આ યજ્ઞમાં અખિલેશ શાસ્ત્રીએ વિશેષ સેવાઓ આપેલ છે.

## સેક્ટર-૩-ડી માં કોંગ્રેસની સંપર્ક યાત્રા

ચૂંટણી નજીક આવતા તમામ રાજકીય પક્ષોએ પ્રચાર અભિયાનને તેજ બનાવ્યુ છે. ગત ચૂંટણીમાં વર્ચસ્વ જમાવનાર કોંગ્રેસ પક્ષે ઘરે ઘરે જઈને સંપર્કઅભિયાન શરૂ કર્યુ છે. રવિવારે સેક્ટર-૩-ડીના વિવિધ વિસ્તારોમાં કોંગ્રેસે જનસંપર્કયાત્રા યોજી હતી. જેમાં પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ નિશિતભાઈ વ્યાસ, શહેર પ્રમુખ શૈલેન્દ્રસિંહ બિહોલા, ગાંધીનગર શહેર જિલ્લા સમિતિ કોંગ્રેસના અશ્વિનભાઈ સુહાન તથા અન્ય પદાધિકારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.



# પાટનગરનો ભાગ હોવા છતાં ધોળાકુવામાં નર્કાગારની સ્થિતિ...!!

ગાંધીનગર તા.૧૬

ગુજરાતના પાટનગર ગાંધીનગરને વિકસાવાયું ત્યારે તેના માટે જે ગામોની જમીન સંપાદિત કરવામાં આવી તે પૈકી કેટલાંક ગામોને તો પાટનગરમાં જ સમાવી લેવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત




ગાંધીનગર મહાનગર પાલિકાની ગત ચુંટણીઓ અગાઉ પાટનગરનું વિસ્તરણ કરાયું હતું જેમાં વધુ ૧૮ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે ગાંધીનગરની પૂર્વ દિશામાં ઈન્દ્રોડા ગામ નજીક વસેલાં ધોળાકુવા ગામને શરૂઆતથી જ પાટનગરમાં સ્થાન મળ્યું હોવા છતાં આ ગ્રામ્ય વિસ્તારનો વિકાસ કે તેને મળતી સુવિધાઓ હજુ આજે પણ પાટનગરના નિર્ધારિત આયોજન સાથે મેળ ખાતી નથી તેવું આ ગામને જોતાં જણાઈ રહ્યું છે. ધોળાકુવા વિસ્તારમાં ઠેર ઠેર ગંદકીનો માહોલ અને પીવાના પાણીથી માંડીને ચોમાસામાં ગટર ઉભરાવા સહિત પ્રાથમિક સવલતો અંગે ભારે બેદરકારી વર્તાઈ રહી છે.

ધોળાકુવા ગામમાં જેમાં મોટો ઠાકોરવાસ, નાનો ઠાકોરવાસ, કોટવાળો વાસ, વડવાળો વાસ, રાવળ વાસ, પ્રજાપતિ વાસ, દંતાણી વાસ, દશામા વસાહત અને રામદેવનગર જેવા વિસ્તારો જોવા મળે છે જેમાં મૂળભૂત રીતે ઠાકોર, રાવળ, પ્રજાપતિ, દંતાણી તેમજ રામદેવનગરમાં વણઝારા તેમજ મારવાડી જેવા પરપ્રાંતિય પરિવારોનો વસવાટ મોટા પ્રમાણમાં છે. આ વિસ્તારમાં શ્રમિક પરિવારો ખુબ મોટી સંખ્યામાં રહે છે. ધોળાકુવા ગામે વિવિધ સમસ્યાઓથી ગ્રામજનો ત્રાહિમામ્ પોકારી ગયા છે. ગામના અગ્રણી કરશનજી ઠાકોરના જણાવ્યાં અનુસાર ગામમાં પીવાના પાણીની નવી-જુની પાઈપલાઈનના કારણે પીવાના પાણીના ફોર્સની મુખ્ય સમસ્યા છે. ખાસ કરીને નાના વાસમાં આ સમસ્યા વધુ સતાવી રહી છે અને આ વાસના નાગરિકોની અનેક રજુઆતો છતાં નવી લાઈનના કનેકશન જ અપાતાં નથી. ગામના પાણીના ત્રણ બોર પૈકી એક બંધ હાલતમાં છે. વળી, પાઈપલાઈનોમાં ભંગાણને કારણે ગામના મુખ્ય

## મુખ્ય માર્ગ પર જ કાદવ-કિચડ અને ગંદકી સાથે દુર્ગંધનો માહોલ : પાણીના ફોર્સ અને બિસ્માર માર્ગો ઉપરાંત જાહેર સાફસફાઇમાં બેદરકારીથી નાગરિકો ત્રાહિમામ્ : ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશનમાં લાલિયાવાડી અને પ્રાથમિક સુવિધાઓનો અભાવ



ચંચળમાતાના મંદિરના ચોકથી માડીને પ્રાથમિક શાળા સહિતના વિસ્તારોમાં કાદવ-કિચડનો માહોલ છે અને બાળકોને શાળામાં જવા માટે પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

મુકેશજી ઠાકોરના જણાવ્યાં અનુસાર ચોમાસામાં ગામના મુખ્ય માર્ગ પર જ ઉભરાતી ગટર અને ગટરના દુષિત પાણીના ભરાવાને કારણે ખુબજ કાદવ કિચડ અને ગંદકીનો માહોલ સર્જાતો હોવાની રાવ ઉઠવા પામે છે. આ સમસ્યાને પગલે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધના માહોલ સાથે ચોમાસાની ઋતુ હોવાથી સીઝનલ બિમારીઓ સાથે દૂષિત પાણીમાં માખી-મચ્છર જેવા જીવજંતુઓના ઉપદ્રવથી રોગચાળાનો ભય પણ ફેલાવા પામે છે. વળી ગામમાં જાહેરમાં જે કચરો ઠલાવાય છે તેની સાફસફાઈમાં લાલિયાવાડીના કારણે નર્કાગાર જેવી સ્થિતિ સર્જાવા પામી છે. ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશનમાં પણ ખૂબ જ અનિયમિતતાથી ગ્રામજનો કંટાળેલા છે. ધોળાકુવા ગામમાં થોડા સમય પૂર્વે ઠાકોરવાસ અને દંતાણીવાસમાં પાણી અને ગટર લાઈનનું પાણી મિક્સ થઈ જવાને કારણે રોગચાળો પ્રસરવાની સમસ્યા સર્જાવા પામી હતી જેનો ઉકેલ માંડ આવ્યો ત્યાંતો ધોળાકુવાના રામદેવનગરમાં પણ પીવાના પાણીની સમસ્યાએ માથું ઉંચક્યું હતું. સૌથી વધુ શ્રમિક પરપ્રાંતિયોની આ વસાહતમાં પાયાની સુવિધાઓનો અભાવ સાલે છે.

વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટોની સમસ્યા સતાવી રહી છે. ગામમાં પ્રવેશવાના મુખ્ય માર્ગ પરની ખુલ્લેઆમ ગેરકાયદેસર ચાલતી નોનવેજની હાટડીઓ ગ્રામજનો માટે ત્રાસદાયક બની રહી છે. ધોળાકુવાના અગ્રણી અને પૂર્વ કોર્પોરેટર હસમુખ

> અનુસાર ગામમાં પીવાના પાણીની નવી-જુની પાઈપલાઈનના કારણે પીવાના પાણીના ફોર્સની મુખ્ય સમસ્યા છે. ખાસ કરીને નાના વાસમાં આ સમસ્યા વધુ સતાવી રહી છે.
>
> **-કરશનજી ઠાકોર, અગ્રણી ગ્રામવાસી**
>
> પાટનગરના નિર્માણમાં જમીન આપનારા ધોળાકુવાના ગામના અસરગ્રસ્ત ગ્રામજનોના વારસાગત પરિવારો પૈકી હજુ અનેક પરિવારોને પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવતાં નથી જેને કારણે નવા મકાનોને વીજ જોડાણ મળતું નથી. ગામને પાટનગર જેવી અનેક સુવિધાઓથી વંચિત રખાયું છે.
>
> **- હસમુખ મકવાણા, પૂર્વ કોર્પોરેટર**
>
> ધોળકુવામાં જાહેર સાફસફાઈમાં લાલિયાવાડીના કારણે નર્કાગાર જેવી સ્થિતિ સર્જાવા પામી છે. ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશનમાં પણ ખૂબ જ અનિયમિતતાથી ગ્રામજનો કંટાળેલા છે. ગામમાં બે-ત્રણ દિવસે એકવાર કચરાની ગાડી આવે છે તે પણ જરૂરીયાત કરતાં નાની હોય છે.

ધોળાકુવા ગામના મુખ્ય માર્ગો જ બિસ્માર નથી પરંતુ આંતરિક માર્ગો પણ સાવ તુટેલી હાલતમાં છે જેના કારણે વાહનચાલકોને અવરજવરમાં ખૂબ જ તકલીફ પડી રહી છે તેવું જણાવતાં કેતનજી ઠાકોર કહે છે કે ગામમાં એટલું ખોદકામ કરાઈ ચુક્યું છે કે એક પણ આરસીસી રોડ સાજા રહ્યાં નથી. નાના વાસ, રાવળ વાસ અને દંતાણી વાસ સહિત અનેક મકવાણાના જણાવ્યાં અનુસાર ગામમાં લગ્નવાડી, રંગમંચ, આરોગ્ય કેન્દ્ર, બગીચો કે જાહેર શૌચાલય જેવી કોઈ સુવિધા નથી એટલુંજ નહીં પરંતુ ગામના વારસાગત પરિવારોને પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવતાં નથી જેને કારણે નવા મકાનોને વીજ જોડાણ મળતું નથી. સરવાળે ધોળાકુવા ગામ પાટનગરનો ભાગ હોવા છતાં નર્કાગાર જેવી સ્થિતિ ભોગવી રહ્યું છે.

## જન્મદિને વધામણી



ડો. નીતાબેન શેખાત
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના



મયુર દવે
મો. ૮૫૧૧૬ ૨૮૯૭૦



રમણ ભટ્ટ
મો. ૯૮૯૮૫ ૧૮૮૫૯



મીત
જિજ્ઞેશભાઈ રાજ્યગુરુ
મો. ૭૯૯૦૦ ૫૧૯૩૧



એ જી વ્હોરા
મો. ૯૮૭૯૦ ૧૯૫૬૩



એઈલીન (જોલી)
ક્રિશ્ચિયન
મો. ૯૬૨૪૦ ૦૦૪૩૧



સુરેશભાઈ પરમાર
પ્રશિક્ષક આર્ટ ઓફ લીવીંગ
મો. ૯૪૨૬૩૦૦૩૦૩

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ઠાકોર વિરાજી વેચાતજી ઉ.વ.૭૦, માણેકપુર
- સ્વ.વાઘેલા જીવુબા પરથીજી ઉ.વ.૮૦, નવા પીંપળજ
- સ્વ.મસાણી ભદ્રીકાબેન કૌશિકભાઈ ઉ.વ.૮૨, સેકટર-૨૨
- સ્વ.ઠાકોર અમરસિંહ રાવજીભાઈ ઉ.વ.૭૫, સેકટર-૧૩